R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૨૮મી જુલાઈ, ૨૦૧૦ ● અંક નં. ૩૩

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ  કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી  સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ : www.gujaratinformation.net**  **Phone No. : 079-232-53440**

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

### હેડ કલાર્કની જગ્યાઓ માટે ભરતી

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૩૧-૦૮-૨૦૧૦**

**કુલ જગ્યા : ૧૭૯**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા(૧)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ,ગુજરાત રાજય, ગાંધીનગર તેમજ(૩)કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય,ગાંધીનગર હસ્તકની કચેરીઓની સમાજકલ્યાણ નિરીક્ષક તથા હેડ કલાર્ક અને તેની સમકક્ષ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે ઓન લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **http://ojas.guj.nic.in** વેબસાઈટ પર તા. ૪/૮/૨૦૧૦ થી તા. ૩૧/૮/૨૦૧૦(સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો **photograph(10kb)**અને **Signature(10kb)** સાઈઝથી વધારે નહિ તે રીતે **jpg format** માં **Scan** કરી તૈયાર રાખવાનો રહેશે અને પોતાના બધાજ પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે.

❒ **સંવર્ગવાર જગ્યાની વિગતો :-**

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ખાતાનું નામ | વર્ગ-૩ સંવર્ગનું નામ | કુલ જગ્યા | બિન અનામત (સામાન્ય) | | સા. શૈ. પ. વર્ગ | | અનુ.જાતિ | | અનુ. જન જાતિ | | વિકલાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | | |
| ૧૮/૧૦ | નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર | હેડ કલાર્ક અને તેની સમકક્ષ | ૮ બેકલોગ | - | - | - | - | - | - | ૬ | ૨ | |
| ૧૯/૧૦ | (૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર | હેડ કલાર્ક અને તેની સમકક્ષ | ૮૬ | ૩૧ | ૧૩ | ૧૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૪ | ૨ |
| | (૨) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી ગાંધીનગર | હેડ કલાર્ક અને તેની સમકક્ષ | ૧૪ | ૫ | ૨ | ૩ | ૧ | ૧ | - | ૨ | - | - |
| | | **કુલ** | **૧૦૦** | **૩૬** | **૧૫** | **૧૯** | **૮** | **૪** | **૨** | **૧૦** | **૪** | **૨** |
| ૨૦/૧૦ | નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર | હેડ કલાર્ક અને તેની સમકક્ષ | ૭૧ | ૨૩ | ૧૧ | ૧૧ | ૬ | ૩ | ૧ | ૧૧ | ૪ | ૧ |

અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના સા.શૈ.પ.વ.ના, અનુસુચિત જાતિ તેમજ અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે જ અનામત છે.

- ♦ મહિલાઓ માટેની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે જ કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.
- ♦ માજી સૈનિક માટે કુલ જગ્યાઓનાં ૧૦ ટકા મુજબ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટે ની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ન મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- ♦ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓ જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

❒ **પગાર ધોરણ :-**

- ♦ નાણાં વિભાગનાં તા.૧૬/૨/૦૬ના અને તા.૨૯-૪-૨૦૧૦ના ઠરાવ નંબર : ખરચ/૨૦૦૨/૫૭/ઝ/૧ ની જોગવાઈઓ આધીન પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૫૦૦૦/- ના માસિક ફીકસ પગારથી લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂક અપાશે ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી જાહેરાતમાં દર્શાવેલ સંબંધિત ખાતા હેઠળની હેડ કલાર્ક અને તેની સમકક્ષ સમાજકલ્યાણ નિરીક્ષક (વિ.જા)વર્ગ-૩ તરીકે રૂા.૯૩૦૦-૩૪૮૦૦ + ૪૨૦૦ ગ્રેડ પે ના પગાર ધોરણમાં નિયમિત નિમણુક મેળવવા પાત્ર થશે.

❒ **રાષ્ટ્રીયતા :-** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

❒ **શૈક્ષણિક લાયકાત :- જાહેરાત ક્રમાંક :- ૧૮/૨૦૧૦, ૧૯/૨૦૧૦**

- ♦ ઉમેદવારે ભારતમાં કેન્દ્ર કે રાજયના વૈધાનિક કાયદા હેઠળ માન્યતા મેળવેલ કોઈપણ યુનિવર્સિટીની સ્નાતકની પદવી અથવા સંસદના કાયદા હેઠળ સ્થપાયેલ અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એકટ ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી અથવા સરકારે તેની સમકક્ષ જાહેર કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ.
- ♦ ગુજરાતી / હિન્દી અથવા બન્ને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- ♦ **અગ્રતા :-** જે ઉમેદવાર સમાજ કલ્યાણની અનુસ્નાતકની પદવી (પોસ્ટ ગ્રેજયુએટ ડીગ્રી)અને સમાજ કલ્યાણની પ્રવૃતિઓનુ જ્ઞાન ધરાવતો હશે તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

❒ **જાહેરાત ક્રમાંક :-૨૦/૨૦૧૦**

- ♦ ઉમેદવારે ભારતના કેન્દ્ર કે રાજયના વૈધાનિક કાયદા હેઠળ માન્યતા મેળવી અથવા સ્થપાયેલ કોઈપણ યુનિવર્સિટીની અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન એકટ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલ શૈક્ષણિક સંસ્થામાંથી સ્નાતકની પદવી બીજા વર્ગમાં મેળવેલ હોવી જોઈએ.
- ♦ ગુજરાતી અથવા હિન્દી ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

❒ **કોમ્પ્યુટરની જાણકારી :**

- ♦ **જા.ક્ર : ૧૮/૨૦૧૦ થી ૨૦ / ૨૦૧૦ :-** ઉમેદવાર રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૦૮ના સરકારી ઠરાવનંબર: સીઆરઆર -૧૦-૨૦૦૭ -૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. તથા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ નિમણૂક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે નહી.

❒ **વયમર્યાદા :-**

❒ **જાહેરાત ક્રમાંક :- ૧૮ થી ૨૦ / ૨૦૧૦ :-** તા.૩૧ / ૦૮ / ૨૦૧૦ના રોજ ઉમેદવારની વય ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ નહિ હોવી જોઈએ.

**અપવાદ રૂપ :-**

❒ **જાહેરાત ક્રમાંક : ૧૮ અને ૧૯ /૨૦૧૦**

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) ૧૯૬૭ ની જોગવાઈ મુજબ જે ઉમેદવારો સરકારી સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં તેમજ જે ઉમેદવારો સારી શૈક્ષણિક લાયકાત અથવા અનુભવ અથવા બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છુટછાટ મુકી શકાશે.

❒ **જાહેરાત ક્રમાંક : ૨૦ /૨૦૧૦ માટે**

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) ૧૯૬૭ ની જોગવાઈ મુજબ જે ઉમેદવારો સરકારી સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર છુટછાટ મુકી શકાશે.

- ♦ મુળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના, મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિકના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે. ➔

➔ સામાન્ય મહિલા ઉમેદવારોને .......................... ૫ વર્ષ

- અનામત વર્ગનાં પુરૂષ ઉમેદવારોને.......................૫ વર્ષ
- અનામત વર્ગનાં મહિલા ઉમેદવારોને...................૧૦ વર્ષ
- વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ......................... ૧૦ વર્ષ

(અનામત પુરૂષ ઉમેદવારને ઉપર મુજબ પાંચ વર્ષની વધુ છુટછાટ મળવાપાત્ર થશે.)

- વિકલાંગ મહિલા ઉમેદવારોને........................... ૧૫ વર્ષ

**નોંધ :-** ઉમેદવાર ૪૦ કે તેથી વધુ ટકાવારી ખોડખાંપણની ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

**માજી સૈનિક :-** જે માજી સૈનિકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય તેવા અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉમરમાંથી બાદ કરતાં મળતી પરિણાત્મક ઉમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહી.

- તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહી.
- **જાહેરાતક્રમાંક નં.૧૮/૨૦૧૦ થી ૨૦/૨૦૧૦ માટે વય મર્યાદા / શૈક્ષિણિક લાયકાત / વધારાની લાયકાત / ક્રિમીલીયર સર્ટી. માટે નિયત તારીખઃ-** તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત,અનુભવ અને નોન ક્રિમીલીયર સર્ટી.

તા. ૩૧ / ૦૮ /૨૦૧૦(અરજી કરવાની છેલ્લી તારીખ)ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

❒ **પસંદગી પ્રક્રિયા :-**

જા.ક્ર : ...૧૮-૧૦, ૧૯-૧૦ અને ૨૦-૧૦ માં દર્શાવેલ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે નીચે જણાવેલ પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરીક્ષા પ્રક્રિયાનો ક્રમ સામાન્યતઃ નીચે મુજબ રહેશે,પરંતુ મંડળને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

❒ **પ્રાથમિક લેખિત કસોટી :-** (હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર)(ક્વોલીફાઈંગ ટેસ્ટ)

કુલ પ્રશ્નો : ૧૦૦ કુલ ગુણ : ૧૦૦ સમય : ૧ કલાક

**વિષય :-** સામાન્ય જ્ઞાનઃ-લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની પ્રાથમિક લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે જેમાં સ્નાતક કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ હેતુલક્ષી પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (OMR) રહેશે.આ જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યા સામે વધુ પ્રમાણમાં અરજીઓ મળશે અને મંડળને યોગ્ય જણાશે તો જ મંડળ પ્રાથમિક લેખિત કસોટી યોજશે અન્યથા મંડળ સીધી જ મૌખિકકસોટી યોજશે. પ્રાથમિક લેખિત કસોટી ફક્ત લાયકી કસોટી(ક્વોલીફાઈંગ ટેસ્ટ) છે.જેથી ઉમેદવારે પ્રાથમિક લેખિત કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે મેરીટના ધોરણે અગ્રતાક્રમ નકકી કરતી વખતે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

- **મૌખિક કસોટી :-** કુલ ગુણ : ૧૦૦

પ્રાથમિક લેખિત કસોટી લેવાનાં કિસ્સામાં મંડળ ઠરાવે તે લઘુત્તમ લાયકી ગુણ મેળવનાર ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. આ જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યા સામે ઓછા પ્રમાણમાં અરજીઓ મળશે તો મંડળ સીધી મૌખિક કસોટી યોજશે. મૌખિક કસોટીના કુલ ૧૦૦ ગુણ રહેશે. ઉમેદવારે ફક્ત મૌખિક કસોટીમાં મેળવેલ ગુણને આધારે મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારોને નિમણૂંક માટે ફાળવવા પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી જાહેર કરવામાં આવશે. પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો મંડળનો હકક અબાધિત રહેશે.

❒ **જાહેરાતક્રમાંક નં.૧૮/૨૦૧૦ થી ૨૦/૨૦૧૦ માટે અરજી કરવાની સૂચનાઃ-**

❒ **અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ :૪/૮/૨૦૧૦ થી તા.૩૧/૮/૨૦૧૦ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

- સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું. હવે
- "Apply On line" Click કરવું.
- "HeadClerk" પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.
- તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહિ લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું.
- જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add more education" પર click કરવું.
- તેની નીચે "Self declaration" પર click કરવું. ત્યારબાદ
- ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
- હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.
- અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે Upload Photograph પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (૧૦ kb) સાઈઝથી વધારે નહિ તે રીતે computer માં હોવા જોઈએ.) "browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.
- હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી.
- **પરીક્ષા ફી :-** બિન અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે. ૧. બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારોએ પરીક્ષા સમયે પરીક્ષા ફી પેટે રૂા.૧૦૦/- નો પ્રાથમિક લેખિત કસોટી (ક્વોલીફાઈંગ ટેસ્ટ) પરીક્ષાની તારીખ નકકી થયા બાદ ખરીદેલ અને સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર સાથે લાવવાનો રહેશે અને પરીક્ષા હોલમાં ઈન્વીજીલેટરને સોંપવાનો રહેશે. (ફી રોકડમાં કે ડીમાન્ડ ડ્રાફ્ટમાં સ્વીકારવામાં આવશે નહિ) પરીક્ષા ફી અંગે ભારતીય પોસ્ટલ ઓર્ડર વગર આવેલ બિન અનામત વર્ગના ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. ૨. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની નથી. ૩. અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ પરીક્ષા ફી ભરવાની રહેશે નહિ.

❒ **સામાન્ય શરતો :-**

- જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.
- અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ.
- બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.
- (૧) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમુનામાં તા.૩૧/૩/૨૦૧૦ ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માટેનું અર્થાત તા.૧/૪/૨૦૧૦ થી અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૮/૨૦૧૦ દરમ્યાનનું અસલ પ્રમાણપત્ર મૌખિક કસોટીના સમયે મંડળને રૂબરૂ રજુ કરવાનું રહેશે. (૨) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (૩) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આ અસલ પ્રમાણપત્ર મૌખિક કસોટી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ બિન અનામત જગ્યા માટે ઉમેદવારી નોંધાવેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવાશે નહિ. (૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.
- એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી મળેલ હશે તો એકપણ અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ.

❒ **સામાન્ય સૂચનાઓ :-**

- ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ મંડળ માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબકકે 'રદ' ગણવામાં આવશે. ➔

➔ અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

♦ મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-

(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટ/ બાકાત કરી શકશે.

♦ મંડળ ધ્વારા યોજેલ આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

♦ ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી,તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂક ‘રદ‘ કરીને પડતો મૂકી શકાશે.આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

♦ આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી અને પરીક્ષા નિયમોને આધિન રહેશે.

♦ આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

**નાયબ સચિવ,**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.

# NTPC Limited

*(A Govt. of India Enterprise)*

## NTPC Scholarship Scheme for Scheduled Caste/Scheduled Tribe Students pursuing full time Diploma Course in Engineering

NTPC Limited, a premier Public Sector Enterprise in power Sector invites application for scholarship under NTPC Scholarship Scheme for Scheduled Caste/Scheduled Tribe students pursuing full time Diploma Course in Engineering in the discipline of Electrical, Mechanical, Instrumentation, Electronics, Civil and Telecommunications in any of the Institute recognized by the Government. The Scholarship is for the **Academic Years(s) 2010-2011.**

The scholarsip is payable from the Second Year of study. The rates of scholarship is Rs. 1,000/- (Rs. One Thousand Only) per month for all the 12 months of the year for the entire period of the course except the First year. The applicant should not be in receipt of any other scholarship/financial aid/stipend from any other source whatsoever. The other terms and conditions shall be regulated as per the NTPC Scholarship scheme. Interested candidates may send their application through the Head of the Institute / College in the format given below by **September 30, 2010.** The application should be accompanied by attested copy of caste certificate, proof of date of Birth, Academic Qualification and Mark Sheet of examinations passed. Application not received as per the prescribed from is liable to be rejected. The completed froms may be addressed to **Dy. Manager (HR), NTPC Ltd. Eastern Region-I Headquarters, 2nd Floor, LNJP Bhawan, Dak Bungalow Chowk, Patna 800001.**

### Application Format

Affix Signed and attested Passport size recent Photograph

1. **Name** : ______________________
2. **Father's Name** : ______________________
3. **Address for correspondance** : ______________________
4. **Date of Birthe** : ______________________
5. **Category** : ______________________
6. **Qualification** (Furnish attested copies of mark sheet of all examinations)

| Course | Institution | Board | Branch | Year of Passing | % marks |
|---|---|---|---|---|---|
| 1st Year Diploma | | | | | |
| Inter/Pre enterance qualifying exam equivalent | | | | | |
| Matric/Equivalent | | | | | |
| In Case of Grade, mention equivalent % marks | | | | | |

7. Any other information you may like to mention
8. I hereby declare that :
   (i) I belong to SC/ST community and I wish to be considered for NTPC Scheme for SC/ST and in the event of my selection, I undertake to appear for test and/or Interview for employment in NTPC Limited after completion of course and if found suitable, I shall serve the Corporation for a period of Three years excluiding the initial period of Training of one Year. I shall abide by all the rules and regulations framed by NTPC Limited in this connection.
   (ii) I am not in receipt of any other scholarship/financial aid/stipend from any other source whatsoever.
   (iii) I have read and understood the various provisions, conditions and liabilities of the Scheme and agree to abide by the same.
   (iv) I understand that if any information is found false/incorrect, it will disqualify me from the Scheme and I shall be liable for refund of the amount received by me.

| | |
|---|---|
| Date : | Signature : |
| Place : | Name : |

**To be filled by the Institution Authority**

1. It is certified that Shri/Ku. ______________________ is pursuing full time Diploma Engineering Course in this, Institute in ______________________ Discipline. Our Institute is recognized by the ______________________.
2. The information furnished above by the candidate is in order and as per the records available with the institute.
3. The candidates is not in receipt of any other scholarship / financial aid / stipend from any other source as per the records of the institution.
4. The general conduct of the candidates is : ______________

Date :

Place : Signature and Name of Head of Institution.

**ESTEN REGION-1 HEADQUARTERS, PATNA**

## GUJARAT ECOLOGICAL EDUCATION & RESEARCH FOUNDATION, GANDHINAGAR

Indroda Nature Park, Po.Sector 7, Gandhinagar 382 007.

Gujarat Ecological Education & Research(GEER) Foundation, Gandhinagar invites applications for the following posts under the World Bank funded India Integrated Coastal Zone Management Project to be implemented in the Gulf of Kutch/ Khambhat region.

| No. | Post | Qualification | Experience | Salary | Remarks |
|---|---|---|---|---|---|
| 1 | Scientist-1 | Phd (Marine Biology/ Envt.Sci./Ecology/Life Sci.) | Min.5 yrs | Rs. 20000 + 10% HRA | National and international Paper Publication |
| 2. | Research Associate-3 | Phd (Marine Biology/Envt.Sci./ Ecology/Life Sci.) | 3 to 5 yrs | Rs. 18000 + 10% HRA | --- |
| 3 | Jr. Research Fellow (JRF)-7 | M.Sc. (Botany/ Zoology/Forestry/En v.Sci./ Marine sci.) from recognized university. | 1-2 yrs. | Rs. 12000 + 10% HRA | Minimum 60% in PG Dergee |
| 4 | Field Assistant-ll | M,Sc. (Botany/ Zoology/Forestry/En v.Sci./ Marine sci.) from recognized university. | -- | RS.6000 + 10% HRA | -- |
| 5 | Accounts Officer-I | 2 yrs full time P G Degree MBA (Finance) CA/ ICWA from recognized institute | 5 yrs post qualification experience | Rs. 22000 + 10%HRS | -- |
| 6 | Statistician/ Analyst-I | M.Sc. (Satistic or M.Com. (Statistic) M.com. (Statistic) | 3 to 5 yrs | RS, 18000 + 10% HRA | -- |
| 7 | Accountant-1 | 2 yrs full time P G Degree MBA (Finance)/CA/ICWA from recognized institute | 1-2 yrs post qualification experience | Rs. 11000 + 10% HRA | -- |
| 8 | Computer person-1 | Graduate with 1 yr certificate/ Diploma in Computer Application | Atleast 5 yrs experience in relevant field | RS.11000 + 10% HRA | --- |

All the above posts are project based on contractual basis and expire with the project period (5 years), Interested and eligible candidate may send their application in a prescribed form (available on website of this foundation) with latest curriculum vitac, covering letter, photocopies of mark sheets, credentials & age proof to the Director, GEER Foundation, Indroda Nature Park, PO, Sector-7, Gandhinagar-382 007, Gujarat up to **12-8-2010.** Eligible employee of any other organization/ Government Office/GEER Foundation may also apply. Applications received after due date will not be considered. Only short listed candidates will get the call for interview. For further details please visit website. **www.geerfoundation.gujarat.gov.in**

# ભારતીય નૌકાદળમાં

## બી.એસસી./એમ. એસસી. માટે શોર્ટ સર્વિસ કમિશન્ડ ઑફિસર બનવાની તક

**ભારતીય નૌકાદળની એરટ્રાફિક કંટ્રોલ શાખામાં શોર્ટ સર્વિસ કમિશન્ડ ઑફિસર તરીકે જોડાવા માટે જાન્યુઆરી-૨૦૧૧માં શરૂ થતા કોર્સ માટે ભારતીય અપરીણિત પુરૂષ અને મહિલા નાગરિક ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૯-૮-૨૦૧૦**

Regd. No. ______________
**(For Office Use Only)**

**Affix Self attested passport size colour photograph**

**APPLICATION FORMAT**
**APPLICATION FOR GRANT OF SHORT SERVICE COMMISSION IN THE INDIAN NAVY FOR AIR TRAFIC CONTROL CADRE JANUARY-2011 COURSE**

(The application is to be filled in by the candidate in English and in BLOCK CAPITALS; strike out whichever is not applicable)

1. Candidate's Name :
   (a) Name : ______________
   (As in Metric/Equivalent Certificate)
   (b) Surname or Last Name : ______________
   (c) Expanded full name (if abbreviated)
2. Date of Birth :

| D | D | M | M | Y | Y | Y | Y |
|---|---|---|---|---|---|---|---|

   (As per Metric/Equivalent Certificate; Should be between 02 January-1986 to 01 July-1991 both dates inclusive)
3. (a) Father's Name : ______________
   (b) Father's Occupation/Designation : ______________
4. Address :
   For Correspondence : ______________
   ______________ Pin : ______
   Telephone/Fax No. if any : ______________ E-Mail : ______________
   Permanent Address : ______________
   ______________ Pin : ______
   Telephone/Fax No. if any : ______________ E-Mail : ______________
5. Gender (Male/Female) ______________
6. Marital Status (Married/Unmarried) ______________
7. State to Which You Belong ______________
8. Nationality ______________
9. Educational Details :
   (a) Educatioal Qualification ______________ Aggregate Percentage ______________
   (b) Name of the College along with Address from Where Studied ______________
   ______________
   (c) Name and address of University to which college/Institution is affiliated with ______________
10. Details of Marks Secured in Graduation & above :
   (Candidates Who have not completed their Graduation (i.e. appearing candidates) need not apply, their application will not be accepted)

| Examination Passed Graduation/Post Graduation Or any other Qualification | Subjects (Main subjects including Electives) | Semester/Year wise marks secured | | | | Aggregate Percentage Covering all Semisters including 1 & 2 or years |
|---|---|---|---|---|---|---|
| | | Semester/ Year | Maximum marks | Marks obtained | % of Marks | |
| | | 1 | | | | |
| | | 2 | | | | |
| | | 3 | | | | |
| | | 4 | | | | |
| | | 5 | | | | |
| | | 6 | | | | |
| | | 7 | | | | |
| | | 8 | | | | |
| | | Total | | | | |
| Post Graduation | | | | | | |
| Other Qualification | | | | | | |

(Certified copies of mark sheet of each semester/year must be attached. **In case evaluation is in grades, certified equivalent marks to be indicated.)**

11. Have you attended any other SSB interview earlier ? If yes, indicate (for all the earlier attempts) :

| | Navy | Army | Air Force |
|---|---|---|---|
| (a) Type of Entry : | | | |
| (b) Name and Station of SSB : | | | |
| (c) Batch No. : | | | |
| (d) Month and Year of Interview : | | | |
| (e) Whether Recommended : | | | |

12. Details of service under Central/State Govt. if any : ______________

**DECLARATION**

1. I hereby declare that I am unmarried Indian Citizen and have never been debarred from appearing for any examination nor have I ever been arrested/prosecuted and convicted by a criminal court or involved in any other case registered by the Police.
2. I, hereby, solemnly declare that all the statements made in the above application are true and correct to the best of my knowledge and belief.
3. I, fully understand that in the event of any information being found false or incorrect, appropriate action can be taken against me.

Place : ______________ **Signature :** ______________
Date : ______________ **Name of the Applicant :** ______________

❑ **વયમર્યાદા :**
ઉમેદવારની **વય ૧૯½ થી ૨૫ વર્ષ** એટલે કે તા. ૨જી જાન્યુઆરી, ૧૯૮૬ અને તા. ૧લી જુલાઈ, ૧૯૯૧ (બન્ને દિવસો સહિત) ની વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**
- ફિઝિક્સ, મેથેમેટિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સમાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ સાથે બી.એસસી. અથવા
- ફિઝિક્સ, મેથેમેટિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સમાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે એમ.એસસી.
- જે ઉમેદવારો અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠા હોય અથવા પરિણામની રાહ જોતા હોય તેમણે અરજી કરવી નહીં.

❑ **શારીરિક ધોરણો :**
**ઊંચાઈ અને વજન :**
(૧) ન્યૂનતમ ૧૫૭ સે.મી. (પુરૂષ), ૧૫૨ સે.મી. (મહિલા) ઊંચાઈ સાથે સપ્રમાણ વજન.
(૨) દૃષ્ટિ : દૂરની દૃષ્ટિ ૬/૬, ૬/૯, ચશ્મા સાથે સુધારેલી દૃષ્ટિ બન્ને આંખોમાં ૬/૬, ૬/૬.
(૩) ઉમેદવાર રંગ/રાત્રી અંધત્વ ધરાવતા ન હોવા જોઈએ.

❑ **શોર્ટ સર્વિસ કમિશન :**
- શોર્ટ સર્વિસ કમિશન ૧૦ વર્ષની મુદત માટે છે. જે વધુ ૪ વર્ષ સુધી લંબાવી શકાશે.
- શોર્ટ સર્વિસ કમિશનનો સમયગાળો પૂરો થયા પછી નિયમોનુસાર મળવાપાત્ર ગ્રેજ્યુઈટી સાથે છૂટા કરવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરવી ?**
અરજી વિજ્ઞાપનમાં આપેલ અરજીપત્રકમાં નિયત નમૂના પ્રમાણે એ-૪ સાઈઝમાં તૈયાર કરી તેની બધી વિગતો સંપૂર્ણ રીતે ભરીને તેમજ અરજીપત્રકના પરબીડિયાં ઉપર "APPLICATION FOR SSC (ACT) JAN - 2011 COURSE, QUALIFICATION ........................ PERCENTAGE ..........%" એમ સ્પષ્ટ રીતે દર્શાવીને નીચેના સરનામે **તા. ૬-૮-૨૦૧૦**ના રોજ કે તે પહેલાં પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે.

**POST BAG NO. 04,
R. K. PURAM PO (MAIN),
NEW DELHI-110066.**

❑ **પસંદગી પદ્ધતિ :**
- ઉમેદવારોએ ડિગ્રી પરીક્ષામાં કરેલા દેખાવના આધારે સર્વિસ સિલેક્શન બોર્ડ (એસએસબી)ના ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે કોલઅપ આપવામાં આવશે.
- તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી પ્રમાણેના ઉમેદવારોને ઓગષ્ટ થી નવેમ્બર-૨૦૧૦ દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ભોપાલ અથવા કોઈમ્બતૂર ખાતે ઈન્ટરવ્યૂ માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ શારીરિક પરીક્ષણ કરાશે.
- એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. તે દરમ્યાન બે તબક્કામાં પસંદગી થશે. પ્રથમ દિવસે પ્રથમ તબક્કો યોજાશે, ત્યારબાદ ચાર દિવસ દરમ્યાન બીજો તબક્કો યોજાશે. આ સમયગાળા દરમિયાન તેઓની મનોવૈજ્ઞાનિક કસોટી, સમૂહ ચર્ચા અને ઈન્ટરવ્યૂ દ્વારા મૂલ્યાંકન કરાશે. પ્રથમ દિવસે ઉમેદવારોની બૌદ્ધિક કસોટી, ચિત્ર સંકેત અને સમૂહ ચર્ચા લેવાશે. આ કસોટીમાં જેઓ યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓ આનુષંગિક કસોટીમાં ભાગ લઈ શકશે. બાકીનાઓને તે જ દિવસે પરત મોકલી આપવામાં આવશે.
- જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી.નું ઈન્ટરવ્યૂ આપતા હોય તેઓને સેકન્ડ ક્લાસ સ્લીપરનું પરત જવા માટેનું બીજા વર્ગનું રેલવે ભાડું મળવાપાત્ર છે.
- જે ઉમેદવારો ઈન્ટરવ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓની તબીબી તપાસ કરવામાં આવશે.
- એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના પ્રમાણમાં મૂળ પ્રમાણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**
- તાલીમ જાન્યુઆરી-૨૦૧૧માં શરૂ થશે.

➲

➲ પસંદ થયેલા ઉમેદવારોને સબ લેફ્ટનન્ટની કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે નેવલ એકેડેમી ઇઝીમાલા ખાતે નેવલ ઓરિયેન્ટેશન કોર્સ કરવાનો રહેશે. તેની સાથે સાથે નેવલ એસ્ટાબ્લિસમેન્ટ/યુનિટ/શીપ ખાતે ટ્રેઈનીંગ લેવાની રહેશે.

♦ તાલીમ દરમિયાન અધિકારીને પૂરો પગાર અને ભથ્થાં મળવાપાત્ર છે. શરૂઆતમાં અધિકારીને બે વર્ષના સમયગાળા માટે અજમાયશી ધોરણે નિમણૂક અપાશે. સમયગાળા દરમિયાન અયોગ્ય જણાયેલા ઉમેદવારોની સેવા સમાપ્ત કરવામાં આવશે.

♦ માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઈ ઉમેદવાર પરીણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઈ કરવાની રહેશે.

❑ **પગાર ભથ્થાં :** ઉમેદવારને સબ લેફ્ટનન્ટની રેંકમાં રૂા. ૧૫૬૦૦-૩૯૧૦૦ + રૂા. ૫૪૦૦ ગ્રેડ પે + રૂા. ૬૦૦૦ મિલિટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

❑ **અન્ય ભથ્થાં :**

♦ મોંઘવારી ભથ્થું, સીસીએ, હીલ કોમ્પેન્સેટરી એલાઉન્સ, કીટ મેન્ટેનન્સ એલાઉન્સ, હાઈ એટિટ્યૂડ/અનકંજીનીયલ કલાઈમેટ એલાઉન્સ, આઉટફીટ એલાઉન્સ, કવોલીફાઈંગ પે અથવા ગ્રાંટ, પેરાશુટ પે અને પેરાશુટ રિઝર્વ પે, સી ગોઈંગ એલાઉન્સ, હાર્ડલાઈંગ મની, આઈસલેન્ડ સ્પેશ્યલ ડયુટી એલાઉન્સ, ઈન્સ્ટ્રક્શન એલાઉન્સ, ટેકનિકલ પે, રાહત દરે લોન.

♦ ઑફિસરને વાર્ષિક ૬૦ દિવસની રજા, ૨૦ દિવસની કેજ્યુઅલ લીવ (સી.એલ.), લીવ ટ્રાવેલ કન્સેશન (પ્રવાસ રાહત ભથ્થું), રાહત દરે આવાસ સુવિધા, પોતાની તથા કુટુંબની અને તેમના પર આધારિત માતાપિતાની વિનામૂલ્યે તબીબી સેવાઓ, કેન્ટીનની સવલતો, ગ્રુપ વિમો રૂા. ૪૦ લાખ અને અન્ય રાહતો પ્રાપ્ત થશે.

❑ **સાહસિક રમતો :**

ભારતીય નૌકાદળ તમારી પસંદગીની રમતગમતની સવલત પૂરી પાડે છે. જેવી કે, પર્વતારોહણ, રિવર રાફટિંગ, હોટ એર બલૂનિંગ, હેંગ ગ્લાઈડિંગ, વિન્ડ સર્ફિંગ વગેરે રમતો માટેની સવલત પૂરી પાડે છે. જેમાં ભાગ લઈ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

♦ વિજ્ઞાપનમાં દર્શાવેલ નિયત નમૂના પ્રમાણે જ અરજી મોકલવી.

